વીર નર્મદ યુનિવર્સિટીમાં ફાઇન આર્ટસના વિદ્યાર્થીઓએ મેટલ વર્કશોપમાં વેસ્ટ મેટલમાંથી બેસ્ટ ચીજવસ્તુઓ બનાવી હતી. (તસ્વીરઃ દિલીપ રામશા)

યુનિવર્સિટીનાં ઇન્ટિરિયર ડિઝાઇનિંગ ડિપાર્ટમેન્ટ દ્વારા મેટલ વર્કશોપ યોજાયો

• યુનિવર્સિટીનાં ઇન્ટિરિયર ડિઝાઇનિંગ ડિપાર્ટમેન્ટ દ્વારા મેટલ વર્કશોપ યોજાયો હતો, જેમાં સ્ટુડન્ટ્સે સાઇકલનાં જૂદા જૂદા પાર્ટસમાંથી ઘરનાં ડેકોરેશન માટેની વસ્તુઓ ડિઝાઇન કરી હતી. સાઇકલનાં ટાયરમાંથી રાઉન્ડ ટેબલ, અરીસો અને એનાં ઘર બગડી લટકાવવાનું સ્ટેન્ડ ડિઝાઇન કર્યું હતું.

સંબંધોને લાંબુ જીવાડવા હોય

હીર ઠક્કરનું અંડર-17 હોકીમાં

GAMING WORKSHOP

ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટિરિયર ડિઝાઈનમાં ગેમ ડિઝાઈનીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું

હિન્દુ પુરાણોમાંથી પાત્રો લઇ સ્ટુડન્ટ્સે ગેમ બનાવી

સિટી રિપોર્ટર | સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ચાલતા ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટિરિયર ડિઝાઈનમાં ઈલેક્ટીવના ભાગરૂપે ગેમ ડિઝાઈનીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતું, જેમાં પ્રોફેસર મેહૂલ પટેલ અને દશર્હા સેવકના ગાઈડન્સ હેઠળ વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ગેમ્સ જેવી કે હિકરી ડિગ્રી. ઓક્સન માસ્ટર, ટ્રાફિક જામ, ફોલો મી, વોર સ્પેસ, સિ હન્ટર, શાંપ મેપ્સ જેવી ગેમ્સ ડિઝાઈન કરી હતી. ખાસ કરીને બાળકોમાં એકાગ્રતા, એન્ટરટેઈનમેન્ટ, ડિસીઝન મેકિંગ જેવી સ્કિલ્સ ડેવલપ થાય એ માટે આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતું.

ઈન્ટિરિયર સ્ટુડન્ટ્સે આ 3 ગેમ ડિઝાઈન કરી : નસિબ, તર્ક અને સ્ટ્રેટેજીને સહારે વિનર બની શકાય છે

હિકરી ડીગ્રી આ ગેમમાં એક ઈન્ટિરિયર ડિઝાઈન ક્ષેત્રમાં ચાર વર્ષના પ્રવાસમાં નાનાથી મોટા અનુભવો, એના તમામ ઉતાર-ચઢાવનું વર્ણન કરવામાં આવ્યું છે. હિકરી ડિગ્રી નસિબ પર આધારિત ગેમ છે. સૌ પ્રથમ સ્ટુડન્ટ્સને 'યુદ્ધ' વિષય આપવામાં આવ્યો. વિશ્વમાં ઘણા યુદ્ધો થયા છે. નાનાથી લઈનો મોટી એવી તમામ વસ્તુઓને ધ્યાનમાં રાખીને ગેમ ડિઝાઈન કરી હતી. કાજોલ લાલવાની, તૈયબા મસાલાવાલા, ચાર્મી મહેતા, ફાતેમા પતરાવાલા, નમ્રતા પટેલ અને લબ્ધિ શાહના ગ્રુપે ચાર ગિયરને એક બીજા સાથે જોડાયેલા રાખ્યા અને જે ગિયર ખેલાડી અંતિમ પડાવે પહોંચે તે વિજેતા બને છે.

વોર ગેમ માનુષી દયાણી, રૂષાલી પટેલ, ફોરમ પટેલ, પૂજા પટેલ, ફાલ્ગુની રાણા, રચના બાપના અને રચિત જોષીએ વોર ગેમ (વોર સ્પેસ)નામની ગેમ બનાવી છે. જેની થીમ યુદ્ધ છે. આ ગેમના મુખ્ય કેરેક્ટર સ્ટુડન્ટ્સે હિન્દુ પુરાણોમાંથી લીધા છે, જે કારણે હિન્દુ પુરાણોનું જ્ઞાન પણ મળી રહે. આ ગેમ બે થી છ લોકો રમી શકે છે. આ ગેમને એવી રીતે ડિઝાઈન કરવામાં આવી છે, જેથી જ્યારે પ્લેયર આ ગેમ રમે છે ત્યારે મોટી દેખાય છે અને જ્યારે બોક્સમાં રાખવામાં આવે તો ગોઠવીને પણ મુકી શકાય છે.

હિકરી ડીગ્રી મનસ્વી ચૌહાણ, નીલ જરીવાલા, સમર્થ ખેની, મૈથીલી મકવાણા, નેન્સી ડિયોરા, વિશ્વા ત્રિવેદી અને વૈષ્ણવી શાહે નસીબ પર આધારિત ગેમ ઓક્શન માસ્ટર ડિઝાઈન કરી હતી. આ ગેમમાં હરાજી દ્વારા રૂપિયા અને પ્રોપર્ટીની લેણ-દેણ કરવામાં આવી. આ ગેમથી સ્ટુડન્ટ્સે એન્ટરટેઈનમેન્ટ બિઝનેસ સ્ટ્રેટેજી દર્શાવી હતી. આ ગેમમાં મોટી બ્રાન્ડોની હરાજી થાય છે અને જેમાં બેંક પાસેથી નાણાની લેવડ-દેવડ અને દરેક વેચાયેલી પ્રોપર્ટી પર માલિકને ભાડું આપવામાં આવે છે. ગેમના અંતે સૌથી વધારે પ્રોપર્ટીવાળી વ્યક્તિ વિજેતા બને છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઇન્ટિરિયર ડિઝાઇનીંગ ડિપાર્ટમેન્ટના ત્રીજા સેમેસ્ટરમાં ચાલતા મેટલ વર્કશોપમાં સાયકલના વિવિધ પાર્ટસમાંથી વિદ્યાર્થીઓએ વિવિધ આકર્ષક કૃતિઓ બનાવી હતી. (તસ્વીરઃ દિલીપ રામશા)

વેસ્ટ મેટલમાંથી સ્ટુડન્ટ્સે બનાવી દીધા યુઝફુલ ટેબલ-ખુરશી

• વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીના બેચલર ઓફ ઇન્ટિરિયર ડિઝાઇનના સેમિસ્ટર-૩ના સ્ટુડન્ટ્સ માટે મેટલ વર્કશોપનું આયોજન કરાયું હતું, જેમાં સ્ટુડન્ટ્સે મટિરિયલ એક્સપ્લોરેશન, પ્રોપર્ટીસ યુટીલાઇઝેશન અને મટિરિયલ બિહેવિયરને ધ્યાનમાં રાખી મેટલ સ્ક્રેપમાંથી વિવિધ ક્રિએટીવ પ્રોડક્ટ તેમજ રોજીંદા જીવનમાં વાપરી શકાય એવી વસ્તુઓ બનાવી હતી. \ જીતેન્દ્ર જડિયા

■ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્ટીરિયર ડિઝાઇનમાં ગેમ ડિઝાઇનિંગના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રોફેસર મેહુલ પટેલ અને દશર્હા સેવકનાં માર્ગદર્શન હેઠળ વિવિધ બોર્ડ ગેમ્સ રજૂ થઇ હતી. **(તસવીરઃ ડિમ્પલ બંગડીવાલા)**

Patrika Surat, 09-05-2018 : readw

पत्रिका

4/16

कारोबार करता है।

शहर के विकास की रफ्तार को देख वह अपने लिए कारोबारी संभावनाएं तलाशते हैं और लोकल बॉडी के साथ सहयोग का तलाशना भी उनके एजेंडे का हिस्सा है। प्रतिनिधिमंडल सदस्य शहर के कारोबारियों से भी मिले और कारोबारी साझेदारी की संभावनाओं पर चर्चा की।

वीएनएसजीयू में वर्कशॉप

सूरत. वीर नर्मद दक्षिण गुजरात यूनिवर्सिटी के इंटीरियर डिजाइन विभाग में वर्कशॉप का आयोजन किया गया। एकाग्रता और निर्णय शक्ति बढ़ाने के उद्देश्य से आयोजित वर्कशॉप में विद्यार्थियों ने हिकरी डिग्री, ऑक्सन मास्टर, ट्रैफिक जाम, फोलो मी, वॉर स्पेस, हंटर, शॉप मेथ जैसे गेम डिजाइन किए।

ધબકાર

CMYK

(तसवीर : मीतेश बंगडीवाला)

યુનિવર્સિટીના ઇન્ટીરિયર ડિઝાઇન ડિપાર્ટમેન્ટ ખાતે ગેમ ડિઝાઇનિંગનો વર્કશોપ યોજાયો હતો.

EXERCISES સ્ટુડન્ટ્સ શીખ્યા ટીમ બિલ્ડીગ, કોન્ફીડન્સ, ઇમેજીનેશન અને કમ્યુનિકેશન

બોલો, શુઝમાં શું દેખાય છે?

સ્ટુડન્ટ્સનાં શુઝને સર્કલમાં વચ્ચે મૂકવામાં આવ્યા. એ પછી એમાંથી કઇ ઇમેજ દેખાઇ રહી છે એ પૂછવામાં આવ્યું. કોઇને એમાં રેલ્વે ફાટક દેખાયું તો કોઇને દરિયામાં લાંગરેલી બોટ દેખાઇ. કોઇને ટ્રાફિક સિગ્નલ પણ દેખાયું. ત્યારબાદ બે ટીમ બનાવી એક ટીમ દ્વારા શુઝને ગોઠવવામાં આવ્યા અને બીજી ટીમને સ્ટુડન્ટ્સે ગોઠવેલા શુઝમાંની ઇમેજ દ્વારા સ્ટોરી તૈયાર કરવાનું કહેવામાં આવ્યું.

• ફાયદો : આર્કિટેક્ચર કે ફાઇન આર્ટસનો સ્ટુડન્ટ્સ કોઇ ડિઝાઇન બનાવે ત્યારે એની સામે એ વસ્તુ નથી હોતી, એમણે જે-તે વસ્તુની ઇમેજને રજૂ કરવાની હોય છે. આ ઇમેજ આધારે ડિઝાઇન તૈયાર કરવાથી પરસ્પેક્ટિવ પણ બદલાઇ શકે છે.

ખુરશી પર ઇમેજ બનાવી કમ્યુનિકેટ કરો

આ એક્સરસાઇઝમાં એક ગ્રુપ દ્વારા ઇમેજ ક્રિએટ કરવામાં આવે છે. આ સમયે બીજી ટીમનો એક મેમ્બરને પહેલી ટીમની ઇમેજ દર્શાવવામાં આવે છે. આ વખતે બીજી ટીમનો એક જ મેમ્બર ત્યાં બેઠો હોય છે. બીજી ટીમ આવે ત્યારે હાજર રહેલા ટીમ મેમ્બરે ફક્ત શબ્દોથી જ પહેલી ગ્રુપની ઇમેજ વર્ણવવાની હોય છે અને બીજી ટીમે પહેલી ટીમની ઇમેજ ક્રિએટ કરવાની હોય છે.

• ફાયદો : આ એક્સરસાઇઝને કારણે એકબીજા પરનો ચેયર સાથેની ઇમેજ ક્રિએટનીઆ એક્સરસાઇઝ કોમ્યુનિકેશન સ્ટ્રોંગ કરવા માટે ની છે.જેમાં ટીમ મેમ્બરો દ્વારા એક બીજા પર ટ્રસ્ટની સાથે તેમના કમાન્ડને કઇ રીતે અને કેટલી ઝડપથી સમજી શકે છે, સમાજવી શકે છે અને તેમના વચ્ચેનું કોમ્યુનિકેશન અંગેનો ખ્યાલ આવે છે. આ એક્સરસાઇઝ દ્વારા કોમ્યુનિકેશન સારી રીતે કરી શકાય છે અને સામે વાળી વ્યક્તિને કન્વિન્સ કરવામાં ફાયદો થાય છે.

સ્ટુડન્ટ્સને બનાવ્યા ચેઇન

દિમાગમાં રહેલી ઇમેજને પેપર પર કઇ રીતે ઉતારવી એ માટે આ એક્સરસાઇઝ કરવી જોઇએ. જેમાં સ્ટુડન્ટ્સને ગ્રુપમાં ગોઠવી એક વિષય આપવામાં આવે છે અને એ વિષયને આધારે એમણે ઇમેજ ક્રિએટ કરવાની હોય છે. આ એક્સરસાઇઝમાં સ્ટુડન્ટ્સને ચેઇન, ટચ અને લીફ્ટ આ ત્રણ સબ્જેક્ટ આપવામાં આવ્યા.

• ફાયદો : ગ્રુપ બિલ્ડીંગ થાય છે અને ટીમ લિડીંગનો કન્સેપ્ટ પણ ક્લીઅર થાય છે. આ સાથે કમ્પોઝીશનના અલગ-અલગ ઓપ્શન્સ પણ મળી રહે છે. બોડી પોશ્ચરનો ઉપયોગ કઇ રીતે કરવો એ પણ ક્લીઅર થાય છે.

સ્ટુડન્ટ્સે કેમ્પસમાં જ બનાવ્યું બ્લાઇન્ડ હાઉસ અને સાઇલન્ટ લાઇબ્રેરી..!!

ઈન્ટિરિયર ડિઝાઈનીંગ કોલેજમાં સ્ટુડન્ટ્સનાં પ્રોજેક્ટને પ્રદર્શિત કરાયા

યુનિવર્સિટીનાં ઈન્ટિરિયર ડિઝાઈનીંગ કોલેજનાં વિદ્યાર્થીઓ દ્વારા એક મેગા ઈન્ટિરિયર એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બેચલર ઓફ ઈન્ટિરિયર ડિઝાઈનીંગનાં વિદ્યાર્થીઓએ વુડ પર કાર્વિંગ કરી ફર્નિચર અને હોમ ડેકોર વસ્તુઓ બનાવી હતી

નર્મદ મુનિ.ના ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટિરિયરના વિદ્યાર્થીઓએ રિસર્ચ સ્ટડી પ્રોગ્રામ હેઠળ ૧૦ દિવસ પંગુર ઉત્તરાખંડમાં વર્કશોપ યોજ્યો હતો. જે ત્યાં જોયું અને જાણ્યું તે રીતની કૃતિઓ બનાવી સુરતમાં પ્રદર્શિત કરી હતી.

Cityભાસ્કર

યુનિવર્સિટીના ઈન્ટિરિયર ડિપાર્ટમેન્ટ દ્વારા પંગોત એક્ઝિબિશન

ઓર્ગેનિક વસ્તુથી કુદરતી આફત સામે ટકે એવા સ્ટ્રક્ચર બનાવ્યાં

EXHIBITION

સિટી રિપોર્ટર . સુરત

VNGUના ઈન્ટીરયર ડિપાર્ટમેન્ટમાં પંગોત એકઝિબિશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા સ્ટ્રકચર પ્રદશિત કરવામાં આવ્યા હતા. જે વિદ્યાર્થીઓએ ઉત્તરાખંડના વર્કશોપમાં શીખ્યા હતા. વિદ્યાર્થીઓએ અભ્યાસક્રમના એક ભાગરૂપે ઉત્તરાખંડના ગામની મુલાકાત લીધી હતી. જેમાં 111 વિદ્યાર્થીઓ 14 ફેકલ્ટીએ ભાગ લીધો હતો. પંગૂતમાં ગિલ્લી મીટ્ટી ઓર્ગેનાઈઝેશનમાં વિદ્યાર્થીઓ માટે વિવિધ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં વિદ્યાર્થીઓ સીડ જવેલરી, બામ્બુ આધારિત કન્સ્ટ્રકશન, લોકલ કન્સ્ટ્રકશન, સસ્ટેનેબિલિટી કન્સ્ટ્રકશન શીખ્યા હતા. તેનું પ્રદર્શન રાખવામાં આવ્યુ હતુ.

સ્ટ્રક્ચરમાં ઘાસ અને માટીનો ઉપયોગ કરવામાં આવ્યો

દરેક કન્સટ્રકશન ઓર્ગેનિક મટીરીયલ દ્વારા બનાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ સ્ટ્રકચર તૈયાર કર્યા હતા. કોપ સ્ટ્રકચર, સ્ટ્રોબેલ સ્ટ્રકચર, બામ્બુ સ્ટ્રકચર, અર્થબેગ સ્ટ્રકચર, રેઈન સ્ટ્રકચર, સ્ટોન સ્ટ્રકચર, બુલેટપ્રુફ સ્ટ્રકચર, એડોલિના સ્ટ્રકચર, અર્થશીપ સ્ટ્રકચર. આ દરેક સ્ટ્રકચરને સસ્ટેનેબિલિટી સ્ટ્રકચર કહેવાય છે. જેનું આયુષ્ય 100 વર્ષથી પણ વધુ છે. દરેક સ્ટ્રકચરમાં રેતી, માટી, પાણી, બામ્બુ, જૂનો વેસ્ટનો જ ઉપયોગ કરાયો છે. દરેક સ્ટ્રકચર કુદરતી હોનારતોમાં પણ ટકી શકે છે.

प्रदर्शनी का आयोजन

सूरत. वीएनएसजीयू इन्टीरियर डिजाइन विभाग का उत्तराखंड में वर्कशॉप आयोजित किया गया। इसमें 111 विद्यार्थियों ने हिस्सा लिया। वर्कशॉप के दौरान विद्यार्थियों द्वारा तैयार किए मॉडल्स की विश्वविद्यालय में प्रदर्शनी आयोजित की गई है।

COLLEGE STUDENT CREATIVITY

VNSGUના ઈન્ટીરિયર ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ માટે બામ્બુ વર્કશોપ, બનાવેલું સ્ટ્રક્ચર મુલાકાતીઓને આશ્રય આપશે

VNSGUના ઈન્ટીરિયર ડિઝાઈનના સ્ટુડન્ટ્સ 3 સ્ટ્રક્ચર બનાવી રહ્યા છે

સિટી રિપોર્ટર . સુરત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઈન્ટિરિયર ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ માટે બામ્બુ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ઈન્ટીરિયર ડિપાર્ટમેન્ટના પહેલા વર્ષના 50 વિદ્યાર્થીઓ દ્વારા બામ્બુથી ત્રણ વિવિધ સ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવશે. જેનો મુખ્ય હેતુ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને અને યુનિવર્સિટીમાં આવતા મુલાકાતીઓને આશ્રય આપવા માટેનો છે. એ સાથે જ વિદ્યાર્થીઓને ડિઝાઈન અને આર્ટનુ પ્રેક્ટિકલ નોલેજ મળે સાથે યુનિવર્સિટીમાં સસ્ટેનેબિલિટી પણ જળવાઈ રહે એવા ઉદ્દેશ્ય સાથે આ કાર્યક્રમ યોજાયો છે. આ વર્કશોપ ડિપાર્ટમેન્ટના અંકિત ચાંગવાલા અને જેનિશ વાઘના માર્ગદર્શન હેઠળ થઈ રહ્યો છે. વર્કશોપ માટે ડાંગના બામ્બુના નિષ્ણાંત ત્રણ કારીગરોને પણ બોલાવવામાં આવ્યા છે. આ ત્રણેય સ્ટ્રક્ચર માટે 150 બામ્બુ લાવવામાં આવ્યા છે. ત્રણેય સ્ટ્રક્ચરનો ખર્ચ આશરે 20 થી 22 હજાર જેટલો થશે. તેમજ આ વર્કશોપ દ્વારા વિદ્યાર્થીઓને દરેક પ્રકારનું પ્રેક્ટિકલ જ્ઞાન મળશે.

50 બામ્બુથી બનેલો સ્ટ્રક્ચર 15 વર્ષ ચાલશે

આ રેસીડન્સ સ્ટ્રક્ચર છે. ઘણા બધા ગામમાં છત માટે આવા સ્ટ્રક્ચર જોવા મળે છે. જે ઓર્ગેનિક બામ્બુથી બનાવવામાં આવે છે. આ સસ્ટેનેબલ મટીરિયલથી બને છે. આમાં રૂફિંગના એન્ગલને વધારીને સરફેસ એવી રીતે બનાવ્યો છે જે પ્રાણીઓ તેમજ માણસ પણ ત્યાં બેસી શકે. એના માટે એ પ્રમાણે જ એક પેવેલિયન તૈયાર કરાશે. આ સ્ટ્રક્ચર 10થી 15 વર્ષ સુધી રહી શકે છે. આ સ્ટ્રક્ચર બન્યા બાદ તેમાં ફિનીશિંગ અને પોલિશિંગ કરવામાં આવે છે. સ્ટ્રક્ચરમાં 50 બામ્બુનો ઉપયોગ કરાયો છે જે બામ્બુ જોનરીઝ ટેક્નિકથી તૈયાર કરવામાં આવશે.

22 બામ્બુથી આ સ્ટ્રક્ચર બનાવાયો છે

આ સ્ટ્રક્ચર બામ્બુની ટેન્સેલ પ્રોપર્ટીને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવશે. આ એક ઓર્ગેનિક સ્ટ્રક્ચર છે જેમાં કુદરતના કોઈ એક તત્વનો ઉપયોગ કઈ રીતે કરાય એ રીસર્ચ કરવામાં આવ્યું હતું. તેથી એક પાંદડાનું ફર્મ લઈ પાંદડાનુ સ્કેચ કરાયું હતું. ત્યારબાદ તેમાંથી વર્ટીકલ સપોર્ટ તૈયાર કર્યું અને બામ્બુને હીટ કર્યા વગર વળાંક આપવામાં આવ્યો. તેને વી કટ આપી બેન્ડ કરાયું છે. જ્યારે આ બામ્બુને ખોલવામાં આવશે ત્યારે તે ફરીથી તેની પોઝિશન લેશે. આ સ્ટ્રક્ચર 5-6 વર્ષ સુધી ટકી શકે છે. 22 બામ્બુવાળા આ સ્ટ્રક્ચરમાં કોઈ ખુણો હશે નહીં.

કચેરીના અનુસંધાન પાના ૭ પર

...હિતેન્દ્ર ચુડાવાળા અને પ્રા. એન.એમ.કારીય...

...ગ ટેબલ
...યાઇઝીનું
...રાયું

...મલ ટેનિસ
...ટીટીએ)એ
...ત્મા ગાંધી
...ને ગુજરાત
...સએલ)નું
...ગુજરાતમાં
...હરણફાળ
...નના પ્રમુખ
...મિત્રા
...મેસએલની
...ફેન્ચાઈઝી,
...હેરાત કરી

...ા સિઝનની
...સુરત ખાતે
...ભાગ લેશે.
...જાશે જેમાં
...ને ત્યારબાદ
...માશે. પાંચ
...ઝી સ્ટાર,
...ટ માર્વેલ્સ,
...ને તામી
...ાય છે.
...મલ ટેનિસ
...ીએફઆઈ
...ાર માન્યતા
...ા ૭ પર

ઇન્ટરીયર ડિઝાઇનના વિદ્યાર્થીઓ માટે વુડ, બામ્બુ અને કેન વર્કશોપ

બામ્બુના ગુણદોષના આધારે વિવિધ પ્રકારના સ્ટ્રકચર બનાવાયા

સુરત, તા.૧૬

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટિરીયર ડિઝાઇનમાં અભ્યાસના ભાગરૂપે વુડ, બામ્બુ અને કેન વર્કશોપ વિષયમાં પ્રો. અંકિત ચાંગાવાલા અને શ્રી જેનીશ વાઘના માર્ગદર્શન હેઠળ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા બામ્બુમાંથી તેના વિવિધ ગુણધર્મોને ધ્યાનમાં રાખીને સ્ટ્રક્ચર્સ તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ વર્કશોપનો ધ્યેય વિદ્યાર્થીઓને સ્કીલ અને ટેકનીક થી માહિતગાર કરવાનો છે. તેમજ તેઓનેચર મટીરીયલ ને સમજી શકે અને ભવિષ્યમાં આ પ્રકારના નેચરલ રિસોર્શનો વિવેકપૂર્ણ ઉપયોગ કરે અને તેની અવેરનેશ લોકોને આપી શકે.

...ઘોડી...
...પાક
...કૃષિ પ્રદ...
...રાજ્યમં...
...હસ્તે ઉ...
...વલસાડ, તા...
...વલસાડ...
...તાલુકાના...
...ધોડીપાડા ખ...
...અંતર્ગત ખેડૂ...
...અને ખેતી...
...પંચાયત વલ...
...પ્રાકૃતિક કૃષિ...
...કૃષિ મેળો ત...
...આદિજાતિ...
...રમણલાલ...
...મહાનુભાવો...
...કરીને શુભા...
...આ...
...વિકાસ રા...
...પાટકરે જણા...
...સુધીમાં ખેડૂ...
...કરવા માટે...
...પ્રયાસો...
...યોજનાકીય...
...મદદરૂપ બન...
...આ...

વિવિધ પ્રકારના ઓર્ગેનિક વેસ્ટનો ઉપયોગ કરી મોલ્ડિંગ-કાસ્ટિંગ કરતા વિદ્યાર્થીઓ

દ. ગુ. યુનિ.ના ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટીરીયર ડિઝાઈનમાં ઈલેક્ટીવ સબ્જેકટમાં અનોખો અભ્યાસક્રમ

સુરત, તા. ૧૩

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચાલતા ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટીરીયર ડિઝાઈનમાં આ વર્ષે અભ્યાસક્રમના ભાગરૂપે ઈલેક્ટીવ સબ્જેકટમાં પ્રો. અંકિત ચાંગાવાલ અને જેનીશ વાઘ દ્વારા વિદ્યાર્થીઓને મોલ્ડિંગ-કાસ્ટિંગ શીખવવામાં આવી રહ્યું છે.

જેના ભાગરૂપે વિદ્યાર્થીઓ સિમેન્ટ, પીઓપી, રેઝિંગ વગેરે મટિરિયલ્સથી કાસ્ટિંગ શીખી રહ્યા છે. તદપરાંત વિદ્યાર્થીઓ દ્વારા સંતરા, મોસંબી, શેરડીના કૂચાં, નાળિયેરીના છાલના ભૂસા, મશરૂમ વગેરેનો ઉપયોગ કરી વિવિધ પ્રકારના ઓર્ગેનિક વેસ્ટનો ઉપયોગ કરી મોલ્ડિંગ-કાસ્ટિંગ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓના મત મુજબ આ ઓર્ગેનિક વેસ્ટમાંથી તેઓ વિવિધ અકોષ્ટિકલ ઓબ્જેકટ તેમજ મોસંબી અને સંતરાના સુગંધિત છાલનો ઉપયોગ કરી તેમાંથી વિવિધ ફ્રેગરેન્સિવ ઓબજેકટ્સ બનાવી શકાય જેનો કાર-ફ્રેશનર તેમજ રૂમ ફ્રેશનર વગેરે તરીકે પણ ઉપયોગ કરી શકાશે.

દ. ગુ. યુનિ.ના ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્ટીરીયર ડિઝાઇનમાં ઇલેક્ટીવ સબ્જેકટમાં વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારના ઓર્ગેનિક વેસ્ટનો ઉપયોગ કરી મોલ્ડિંગ-કાસ્ટિંગ કરતા શીખે છે. (તસવીર : મીતેશ)

વીર નર્મદ યુનિ.ના વિદ્યાર્થીએ મોસંબી અને સંતરાની છાલમાંથી અનોખો ફેંગરેન્સિવ ઓબ્જેક્ટ્સ બનાવ્યો

સુરત, તા.૧૩

ઘર, કાર તેમજ ઓફીસમાં ઓર્ગેનીક વેસ્ટમાંથી તૈયાર કરવામાં આવેલા સાધનોને રાખવાથી વાતાવરણને ખુશનમા રાખી શકાય છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં ઈન્ટિરીયર ડિપાર્ટમેન્ટમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓએ મોસંબી અને સંતરાની છાલનો ઉપયોગ કરીને અનોખા ફેંગરેન્સિવ ઓબજેકટ્સ તૈયાર કર્યા છે. જે આગામી સમયમાં ઘર કારની સુંદરતા વધારવાની સાથે સતત મહેક પણ આપતા રહેશે.

આ અંગેની માહિતી આપતા ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટિરીયર ડિઝાઇનનાં ઈલેકટીવ સબજેકટનાં પ્રો.અંકિત ચાંગાવાલાએ જણાવ્યું હતુ કે વિદ્યાર્થીઓને મોલ્ડિંગ-કાસ્ટીંગ શીખવવામાં આવી રહ્યું છે. જેનાં ભાગરૂપે વિદ્યાર્થીઓ સિમેન્ટ, પીઓપી, રેઝિંગ સહિતનાં મટીરીયલ્સનો ઉપયોગ કરીને કાસ્ટિંગ શીખી રહ્યા છે.

આ ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા સંતરા, મોસંબી, શેરડીનાં કૂચા, નાળિયેરીનાં છાલ, મશરૂમ, સહિતનાં વિવિધ પ્રકારનાં ઓર્ગેનીક વેસ્ટનો ઉપયોગ કરીને અકોષ્ટિકવ ઓબજેકટ તેમજ મોસંબી અને સંતરાના સુગંધિત છાલનો ઉપયોગ કરીને તેમાંથી વિવિધ ફેંગરેન્સિવ ઓબજેકટ્સ બનાવી રહ્યા છે. જેનો કાર ફેશનર તેમજ રૂમ ફેશનલ તરીકે ઉપયોગ કરી શકાય છે. આ અંગે પ્રો.અંકિત ચાંગાવાલાએ વધુમાં જણાવ્યું હતુ કે સંતરા અને મોસંબીની છાલનો ઉપયોગ કરીને બનાવવામાં આવી રહેલા ફેંગરેન્સિવ ઓબજેકટ્સની લાઈફ, માટે હાલ તેમાં ગુંદરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

જો કે ભવિષ્યમાં આ ઓબજેક્ટસને વિવિધ રૂપ આપી કાર, ઘર, ઓફીસમાં તે રાખી શકાશે અને સાથે જ ઓર્ગેનીક ફુડની નેચરલ ખુશબુ પણ લોકોને મળતી રહેશે.

ઓબ્જેક્ટ્સને વિવિધ રૂપ આપી તેને કાર, ઘર અને ઓફિસમાં રાખી શકાશે:ઓર્ગેનિક ફૂડની નેચરલ ખુશબૂ પણ લોકોને ભવિષ્યમાં મળતી રહેશે